જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૭/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૯૨૮/૨૦૨૫**

(૧)

ઓઢવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૩૧૮/૨૦૧૪ ઈપીકો કલમ ૩૨૮, ૩૮૨, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૫૮૯/૨૦૨૩ મુજબના ગુનાના કામે આરોપી હાજી ઉર્ફે સલીમ સ/ઓ હાસમભાઈ ભુરાભાઈ સમ્મા (મુસ્લીમ) (રહે. ફતેવાડી રસ્સીના કારખાના પાસે જુહાપુરા વેજલપુર અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૦૬, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૨)

ઓઢવ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૨૦૦/૧૯૯૫ ઈપીકો કલમ ૩૦૨ મુજબ તથા સેશન્સ કેસ નં.૩૧૫/૨૦૨૩ મુજબના ગુનાના કામે આરોપી શ્યામકુમાર રામલખન શુકલા પંડીત (રહે. મોમાઈનગર હરગોવિંદ રબારીની ચાલી અમરતનગર પાસે ઓઢવ અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૦૬, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૨૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૪૨ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૮,૭૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૩૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૯૩૧/૨૦૨૫**

શાહપુરઃ મોહમદમોહસીન સ/ઓ અબ્દુલકાદર મારૂ (રહે.પાંચમો માળ, અલાહેમદ ફલેટ, અફઝલખાન મસ્જીદની બાજુમાં, શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૭/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી તા.૦૮/૦૭/૨૦૨૫ કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તિજોરીના લોકરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૬૨,૫૦૦/– અને રોકડ રૂપિયા ૭,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૯,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ટી.ભગોરા ચલાવે છે.

ગોમતીપુરઃ મનીષ અશોકભાઈ વાઘેલા (રહે.પટેલ મીલ ચાર માળીયા, બાલા છગનની ચાલી સામે, ગોમતીપુર) એ તા.૦૮/૦૭/૨૦૨૫ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૬/૨૦૨૫ બપોરના ૨/૩૦ થી તા.૨૯/૦૬/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાની શેર કિંમત રૂપિયા ૨૬,૦૦૦/–, ચાંદીનો કમર જુડો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬૧,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૯૩૨/૨૦૨૫**

નિકોલઃ દિલીપભાઈ સ/ઓ નારણભાઈ ભાલાળા (ઉ.વ.૪૨)(રહે.રાધિકા પેલેસ કેનાલ પાસે નિકોલ ગામ રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સદગુરૂ ગાર્ડન ખાતે ઝેરી દવા પી લેતા, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવેશકુમાર રમણિકલાલ ચલાવે છે.

ઇસનપુરઃ ઇસનપુર વિશાલનગર ઉજાલા સોસાયટી ખાતે સંબંધીના ઘરે રહેતી સગીર વયની તરૂણી (મુળ વતન. ગામ–પાલપુર તા–હૈદરગઢ જી–બારાબંકી ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સંબંધીના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રતાપસિંહ ફતેસિંહ ચલાવે છે.

નારોલઃ વિશાલ સ/ઓ પરમેશ્વરભાઇ બાજોડે (ઉ.વ.૨૩)(રહે.ઉમંગ વિભાગ–૭, હાઇફાઇ ચાર રસ્તા પાસે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી